## <u>ક્રિમીનલ કેસ નંબર : ૧૦૪૧૩૭/૨૧</u>

## <u>આંક :૧ લગત હુકમ</u>

<u>કેસનો પ્રકાર :– ઈ. પી. કો. કલમ–૨૮૩</u>

કેસોના ઝડપી નિકાલ તથા પુનઃ મુલ્યાંકન સબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી અવારનવાર જુના તથા "ડેડવુડ" પ્રકારના કેસોનો નિકાલ કરવાની કામગીરી સબંધે આદેશો કરવામા આવેલ છે. જે અનુસંધાને હાલના આ કેસની રેકર્ડની હકીકતો જોતા આ કામે આરોપી/આરોપીઓ ઉપર વોરંટો બજતા નથી. આરોપી/આરોપીઓ ઉપર વારંવાર આ અદાલત તરફથી પ્રોસેસ કાઢવામાં આવેલ છે, જે બજે કે વગર બજે પણ પરત આવેલ નથી. જે સબંધે અદાલત તરફથી અવારનવાર પોલીસ એજન્સીને અન્ય કેસોમા પણ ખુલાસા પુછવામા આવેલ છે. જે સબંધે પોલીસ એજન્સી ધ્વારા પણ બજવણી થઈ શકે તેમ ન હોવાની હકીકતો જણાવેલ છે. ફરીયાદપક્ષ આરોપીઓને અદાલત સમક્ષ હાજર કરી શકેલ નથી.

સદર કામે કેસનું પ્રોસીડીગ ધ્યાને લેતાં આરોપી સામે ઈ. પી. કો. કલમ–૨૮૩ હોય સદરહું કેસ સમરી/ સમન્સ ટ્રાયેબલ રીતે ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.

સદર કામે કેસોનો ભરાવો જોતાં હાલનો કેસ એ. ટી. ઓફેન્સમાં પડતો હોય અને ગંભીર પ્રકારનો ગુનો ન હોય અને આરોપીની હાજરી પ્રોશીકયુશન ધ્વારા સુનીશ્ચીત થતી ન હોય અને આરોપીના કોઈ વેરએબાઉટ ચોકકસ મળી આવતા નથી.

સદર કામે કલમ–૨૫૮ વંચાણે લેતાં ઉપરોકત પ્રકારના કેસોમાં કોઈ પણ તબકકે કારણો નોંધીને કાર્યવાહી બંધ કરવાની વિશેષ સત્તા મળ ેલ છે અને તેવા કેસોમાં આગળની કાર્યવાહી કર્યા વિના તેવા કેસો બંધ કરવા સામે કોઈ કાયદાકીય બાધ નથી.

*જે સબંધે નામદાર બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો* <u>Mulchand Motilal Raka v The State of Maharashtra & Anr. 1996(2) Crimes 177 (Bom)</u> *ધ્યાને લેતા તેમા ઠરાવેલ છે કે,* Section 258 of the Code which empowers to stop the proceedings in certain cases is intended to meet with certainsituations, <u>where the presence of accused persons cannot be secured</u> or presence of any important witness cannot be secured by the prosecution, which is necessary for the trial of the case. Therefore, where the Magistrate does not find it possible to dispose of the matter by adopting normal procedure contemplated by the Code for one reason or other as herein above stated, <u>in such situation it would be open to the Magistrate to stop further proceedings of the case.</u> Section 258 of the Code can be resorted to where the special or unusual circumstances exist, such as <u>non-appearance of the accused before the Court for considerable time</u> or of the important witness of the prosecution, which make it difficult or impossible for the Magistrate to proceed with the case in normal way.

નામદાર સર્વોચ્ચ અદાલતે AIR 2012 SC 3217 Hon'ble Judges:H.L.Dattu and Chandramauli Kr.Prasad JJ. Ranjan Dwivedi Versus C.B.I., Through Th4e Director General with Ac. Sudevananda Avadhuta Versus C.B.I., Through The Director General ના ચુકાદામા ઠરાવેલ છે કે ક્રિમીનલ કોર્ટોએ ઉચિત કેસોમા ક્રિ.પ્રો. કોડ ક. ૨૫૮, ૩૦૯, ૩૧૧ ના પાવર્સ ન્યાયના હીતમા વાપરવા જોઈએ, જેમા નામદાર એપેક્ષ કોર્ટે ઠરાવેલ છે કે, <u>The criminal courts should exercise their available powers, such as those under Sections 309, 311 and 258 of the Code of Criminal Procedure to effectuate the right to speedy trial. A watchful and diligent trial Judge can prove to be a better protector of such right than any guidelines.</u> In appropriate cases, jurisdiction of the High Court under Section 482 CrPC and Articles 226 and 227 of the Constitution can be invoked seeking appropriate relief or suitable directions.

as per procedure under the Code, the provisions of section 258 of Code can be resorted to.

જે ચુકાદાની હકીકતો જોતા પણ આ કામે આરોપીના બંધારણીય હકોનો ભંગ થતો હોવાનુ જણાય છે. આ જ સબંધે નામદાર મધ્યપ્રદેશ હાઈકોર્ટનો ચુકાદો State of M.P., Appellant v. Kalu Thawar and another, Respondents. ધ્યાને લેતા તેમા ડિવિઝન બેન્ચે ઠરાવેલ છે કે Police must always remember that it has a duty to the Court and they cannot lust send a challan and think that the rest will be done by the court.

તથા ઈબ્રાહીમ લાગા વિ. ગુજરાત રાજય ૧૯૭૧ પેજ નં.૧૯૪૮ ના માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લેતા પણ હાલના કેસમા સ્ટોપ પ્રોસીડીગ કરવુ ઉચીત જણાય છે.

જેથી આ કામે પોલીસ એજન્સીને પુરતી તકો આપવા છતા આરોપી/આરોપીઓને હાજર રખાવી શકેલ ન હોઈ હાલના કામે આરોપી/આરોપીઓને વિરૂધ્ધ પોલીસે ચાર્જશીટ દાખલ કરેલ છે તેમ છતા આ કામે આરોપી/આરોપીઓને હાજર રખાવેલ નથી.

કલમ સી.આર.પી.સી. કોડની કલમ ૨૫૮ તથા કલમ ૩૦૦ જોવામા આવે તો ભવિષ્યમા આરોપીને ફરીયાદ પક્ષ રજુ કરે અથવા તો હાજર થાય ત્યારે કોડની કલમ ૩૦૦(૫) મુજબ નવેસરથી કાર્યવાહી કરવાને કોઈ બાધ રહેશે નહી અને કેસ ફરી શરૂ કરી શકાય છે.

In State of Madh. Pra. v. Kaluthawar, 1972 Cri LJ 1639, a Division Bench of the Madhya Pradesh High Court

Madras High Court The State (Tamil Nadu) vs Veerappan And Ors. on 24 March, 1980 Equivalent citations: AIR 1980 Mad 260

Coming now to these appeals, we might note here that the offences with which the respondents-accused have been charged are offences under Sec. 4 (1) (b) of the Tamil Nadu Prohibition Act, and those prosecutions were launched nearly four years ago. Furthermore the prosecution had not, in spite of notices, attempted to produce the witnesses and in fact were quite non-cooperative in their attitude. In view of those circumstances, while pointing out that the acquittal of the respondents accused in the circumstances of these cases is not proper, inasmuch as the court had not discharged itsduty as indicated by us as above, we do not want to interfere with that acquittal at this length of time and hence we dismiss these appeals.

સદર કામે રેકર્ડની હકીકત જોતા હાલની ટ્રાયલ ચલાવવામા આવે તો પણ કોઈ મહત્વનો પુરાવો મળી આવે તેમ ન હોઈ અને આરોપીને તે રીતે લાભ મળે તેવા સંજોગોમા મોહનલાલ વિ. સ્ટેટ ઓફ પંજાબ (સુપ્રીમ કોર્ટ) તથા સતીષ મહેરા વિ. દીલ્લી એડમીનીસ્ટ્રેશન નો નામ. સુપ્રીમ કોર્ટનો ચુકાદો ધ્યાને લેતા જયારે કોર્ટને ફેરલી એવુ લાગે કે કનવીકશનની કોઈ શકયતા રહેલ નથી ત્યારે ફકત ફોર્માલીટી માટે પ્રોસીજર કમ્પલીટ કરવાની જરૂરત રહેતી નથી.

તમામ સંજોગો ધ્યાને લેતા આરોપીની મળી આવવાની શકયતા નહીવત રહેલ હોય સમન્સ/સમરી ટ્રાયલ કેસ હોય ક્રિ. પ્રો. કોડની કલમ ૨૫૬,૨૫૮ અન્વયે સ્ટોપ પ્રોસીડીગ કરવામાં આવે છે.

અમદાવાદ.
તા.૧૩/૦૫/૨૦૨૩

**(જે.એસ.શાહ)**
**એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં.૧૦, અમદાવાદ.**
**જજ કોડ જી જે ૦૦૯૩૬**